**યાત્રાધામ ડાકોરમાં પાર્કિંગ સિન્ડિકેટનો આતંક | કલેક્ટરના જાહેરનામા વગર જાહેર માર્ગો બંધ કરી દેવાયા**

# ડાકોરમાં TRB જવાનોને સાથે રાખી યાત્રાળુઓને ખાનગી માર્ગે જવા મજબૂર કરતી 'પાર્કિંગ ગેંગ'

**ચૂંટાયેલા સભ્યો જ** કોન્ટ્રાક્ટર બની લૂંટ ચલાવતા હોવાનો ગંભીર આક્ષેપ



(પ્રતિનિધિ) ડાકોર તા.૨૪

યાત્રાધામ ડાકોરમાં ભગવાન રણછોડરાયના દર્શને આવતા શ્રદ્ધાળુઓ અત્યારે પાર્કિંગ માફિયાઓના શિકાર બની રહ્યા છે. સરકારી પાર્કિંગનો ઠેકો રાખનાર કોન્ટ્રાક્ટર દ્વારા ટીઆરબી પોલીસના માણસોને સાથે રાખીને નગરના પ્રવેશ માર્ગો પર ગેરકાયદેસર નાકાબંધી કરવામાં આવી રહી છે. કોઈપણ વાહનચાલકને ડાકોરમાં પ્રવેશતા અટકાવી, તેને ફરજિયાત સરકારી પાર્કિંગમાં જવા દબાણ કરવામાં આવે છે, જેના કારણે સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. ચોંકાવનારી વિગત એ છે કે, પોલીસના બોર્ડનો ઉપયોગ કરીને યાત્રાળુઓને જબરજસ્તીથી અટકાવવામાં આવે છે. જ્યારે કોઈ જાગૃત નાગરિક કલેક્ટરનું જાહેરનામું માંગે છે, ત્યારે જ ટીઆરબી પોલીસના માણસો તેમને પ્રવેશવા દે છે. આ દ્રશ્યો જોતા સ્પષ્ટ જણાય છે કે સરકારી તંત્ર અને પાર્કિંગ ગેંગ વચ્ચે ઊંડી સાઠગાંઠ ચાલી રહી છે. નવાઈની વાત એ છે કે ડાકોરના ચૂંટાયેલા સભ્યો જ આ તમામ કોન્ટ્રાક્ટ ધરાવે છે અને સત્તાના જોરે મનમાની કરી રહ્યા છે. જ્યારે સરકારી પાર્કિંગ ભરાઈ જાય છે, ત્યારે આ ગેંગ દ્વારા સરકારી પાર્કિંગની પાછળ પોતાની ખાનગી જગ્યાએ ગેરકાયદેસર રીતે વાહનો પાર્ક કરાવીને યાત્રાળુઓ પાસેથી મોટી રકમની વસૂલાત કરવામાં આવે છે. જાહેર માર્ગો પર આ રીતે રોકટોક કરીને યાત્રાળુઓ સાથે ગેરવર્તણૂક કરવામાં આવતી હોવાની ફરિયાદો પણ ઉઠી છે.

**ક્યા સ્થળોએ યાત્રાળુઓને બાનમાં લેવાય છે?**

- સત્યમ રેસિડેન્સીની સામે માણસો મૂકી રસ્તો બંધ કરાવાય છે.
- ખડાયતા ભુવન પાસે વાહનોને અટકાવવામાં આવે છે.
- રાજમહેલની બાજુમાં જાહેર માર્ગ પર ગાડીઓ રોકાય છે.
- વેલ્કમ પાટિયા આગળ જબરજસ્તી કરવામાં આવે છે.

# નડિયાદના કલોલીમાં ૭.૬૧ લાખનો વિદેશી દારૂ પકડાયો

**નડિયાદ ગ્રામ્ય** પોલીસ ઊંઘતી રહી અને એલસીબીએ બોલાવ્યો સપાટો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

નડિયાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશનની હદમાં આવતા કલોલી ગામમાં સ્થાનિક પોલીસની નાક નીચે ચાલી રહેલા વિદેશી દારૂના મોટા વેપારનો લોકલ ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. એલસીબીની ટીમે ઓચિંતી રેઈડ કરી સાત લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેનાથી સ્થાનિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

ખેડા જિલ્લામાં દારૂની બદી ડામવા માટે એલસીબી પોલીસ ઇન્સ્પેક્ટર કે.આર. વેકરિયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે 23મી જૂનના રોજ કલોલીના મહાદેવ વિસ્તારમાં રહેતા સંજય ઉર્ફે સ્વામી પ્રભાતભાઈ બારૈયાના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો. એલસીબીની આ અત્યંત ગુપ્ત કાર્યવાહીને કારણે બુટલેગરોને માલ સગેવગે કરવાની તક મળી ન હતી. પોલીસે મકાન પાસેના છાપરામાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની 1368 બોટલો (કિંમત 7,41,048) અને બિયરના 120 ટીન (કિંમત 20,544) મળી કુલ 7,61,592નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચે સ્થળ પરથી સંજય બારૈયાની ધરપકડ કરી છે, જ્યારે દારૂનો જથ્થો મોકલનાર અનિલ ઉર્ફે કાંબલી પુનમભાઈ પરમાર ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે. આ દરોડાના ગલે સ્થાનિક પોલીસની શંકાસ્પદ ભૂમિકા આ સમગ્ર પ્રકરણમાં નડિયાદ ગ્રામ્ય પોલીસની ભૂમિકા અત્યંત નિષ્ક્રિય સાબિત થઈ છે. કલોલી જેવા વિસ્તારમાં આટલો મોટો દારૂનો જથ્થો ઉતરે અને સ્થાનિક પોલીસને તેની ગંધ પણ ન આવે ? તે બાબત પોલીસની નબળી બાતમીદાર સિસ્ટમ અથવા બુટલેગરો સાથેની સીધી મિલીભગત તરફ આંગળી ચીંધે છે. એલસીબીના આ દરોડાએ ગ્રામ્ય પોલીસની કામગીરીના ધજાગરા ઉડાવી દીધા છે.

# ઠાસરાના લોન ધારકનો ચેક રિટર્ન થતાં ૧૨ માસની કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

ખેડા જિલ્લાની ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની નેશ શાખામાંથી ધિરાણ મેળવ્યા બાદ પરત ચુકવણી પેટે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં નડીઆદની અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપીને તકસીરવાર ઠરાવી ૧૨ માસની સાદી કેદ અને દંડની સજા ફટકારી છે.

ઠાસરા તાલુકાના મરઘાકુઈ ગામના રહેવાસી ભાઈલાલભાઈ જેણાભાઈ ભોઈએ કેડીસીસી બેંકની નેશ શાખામાંથી લોન લીધી હતી. આ ધિરાણની રકમ સમયસર ન ભરતા બેંક દ્વારા ઉઘરાણી કરવામાં આવી હતી, જેના બદલામાં ભાઈલાલભાઈએ રૂ. ૩,૨૩,૩૨૯/-નો ચેક લખી આપ્યો હતો. આ ચેક બેંકમાં રજૂ કરતા તે રિટર્ન થયો હતો, જેથી બેંક દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ નડીઆદ કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી નડીઆદના સેકન્ડ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.ડી. ત્રિવેદીની કોર્ટમાં હાથ ધરવામાં આવી હતી.

આ કેસમાં બંને પક્ષોની દલીલો અને પુરાવાઓની ચકાસણી બાદ અદાલતે ભાઈલાલભાઈ ભોઈને તકસીરવાર ઠરાવી ૧૨ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત, કોર્ટે ચેકની રકમ પર ૧૦% વધારા સાથે કુલ રૂ. ૩,૫૫,૬૬૨/- ત્રીસ દિવસની અંદર ચૂકવવા આદેશ કર્યો છે. જો આરોપી આ રકમ સમય મર્યાદામાં ભરવામાં નિષ્ફળ જશે, તો તેણે વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવી પડશે.

**ત્રણ દિવસ સુધી એક પણ વનકર્મી હાજર ન રહેતા સાંસદ રાજપાલસિંહ જાદવે લાલ આંખ કરી**

# બાલાસિનોરમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં વન વિભાગના કર્મચારી જ ન ડોકાયાં!

**પંચમહાલ** સાંસદે ઘોર બેદરકારી અંગે ડીએફઓને ટેલિફોનિક ઠપકો આપ્યો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૪

બાલાસિનોર તાલુકામાં યોજાયેલા 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહાઅભિયાન -૨૦૨૬' દરમિયાન વન વિભાગની ગંભીર નિષ્કાળજી સામે આવી છે. વૃક્ષારોપણના કાર્યક્રમમાં વન વિભાગના કર્મચારીઓની ગેરહાજરી બદલ પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવે સામાજિક વનીકરણ વિભાગના જિલ્લા વન અધિકારીને ફોન પર કડક શબ્દોમાં ઠપકો આપ્યો હતો.

બાલાસિનોર તાલુકાની વેરાસા પ્રાથમિક શાળા, મોડેલ સ્કૂલ અને પી.વી. વિદ્યાલયમાં સાંસદ રાજપાલસિંહ જાદવની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ અને વૃક્ષારોપણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



તસવીરઃ ધર્મિષ્ઠાબહેન કે. ઝાલા

આ સરકારી કાર્યક્રમમાં વન વિભાગની સહભાગીદારી સુનિશ્ચિત કરવા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા વીરપુર વિસ્તરણ કચેરીના આરએફઓ (RFO)ને અગાઉથી લેખિતમાં જાણ કરવામાં આવી હતી.

આમ છતાં, સતત ત્રણ દિવસ સુધી ચાલેલા આ અભિયાનમાં વન વિભાગનો એક પણ કર્મચારી હાજર રહ્યો નહોતો. સરકારના પર્યાવરણ જાળવણીના આ મહત્વના કાર્યક્રમમાં વનકર્મીઓની આવી બિનજવાબદારી જોઈ સાંસદનો મિજાજ ગરમાયો હતો. તેમણે સ્થળ પરથી જ ડીએફઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી વન વિભાગની ઉદાસીનતા અંગે ઉધડો લીધો હતો. સાંસદના આ કડક વલણને પગલે વહીવટી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# સંતરામપુરના વણકરવાસમાં તંત્રની નબળી કામગીરીથી રોષ

**પ્રથમ વરસાદે જ** રહીશોના ઘરોમાં ગટરના પાણી ભરાયા



(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૪

સંતરામપુર પાલિકાના વોર્ડ નં. ૪ માં થયેલી અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનની નબળી કામગીરી સામે સ્થાનિકોમાં ભારે રોષ ભડક્યો છે. ખાસ કરીને વણકરવાસમાં ચોમાસાના પ્રથમ વરસાદે જ સરકારી તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. અગાઉ કરવામાં આવેલી અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનની કામગીરી યોગ્ય રીતે ન થઈ હોવાને કારણે, વરસાદ પડતાની સાથે જ ગટરનું ગંદુ પાણી વરસાદી પાણી સાથે ભળીને લોકોના ઘરોમાં ઘૂસી ગયું હતું.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાઈપલાઈન નાખવાનું કામ 'બોગસ' રીતે કરવામાં આવ્યું હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. ચોમાસાની શરૂઆતમાં જ ઘરોમાં ગંદા પાણી ભરાઈ જતાં રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને તંત્રની બેદરકારી સામે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોની માંગ છે કે આ બાબતે તાત્કાલિક તપાસ કરી યોગ્ય ઉકેલ લાવવામાં આવે જેથી આગામી વરસાદમાં વધુ નુકસાન ન થાય.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આતરસુંબાની જે.સી.દાણી વિદ્યાલયમાં 'પ્રવેશોત્સવ-2026'ની ઉજવણી કરાઇ



**કપડવંજ** | આતરસુંબામાં ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. આ પ્રસંગે નવા પ્રવેશ મેળવનાર બાળકોનું સ્વાગત કરી પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખે જરૂરિયાતમંદ બાળકો માટે 51 હજારની સહાય જાહેર કરી હતી અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. આ સફળ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામ્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદના ઓડની કન્યાશાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી



**આણંદ** | આણંદ જિલ્લાના ઓડ શહેરની પીએમ કન્યાશાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નગરપાલિકા કાઉન્સેલર ભાવનાબેન પટેલ, બ્રહ્માકુમારી રૂપલબેન અને પૂર્વ શિક્ષિકા મીનાક્ષીબેને બાળાઓને ઉત્સાહપૂર્વક શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોની ઉપસ્થિતિમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું અને નવા પ્રવેશ મેળવનાર બાળકોને આવકાર્યા હતાં. પ્રિન્સિપાલ રાજેશભાઈ અને શાળાના સમગ્ર સ્ટાફગણના સુચારુ આયોજન હેઠળ આ શૈક્ષણિક ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની નગર પ્રાથમિક શાળા નં. 20માં પ્રગતિનો પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

**આણંદ** | આણંદ નગર પ્રાથમિક શાળા નંબર 20માં કાઉન્સિલર જશોદાબેન ભાવનાની અને પ્રભાતભાઈ પ્રજાપતિની પ્રેરક ઉપસ્થિતિમાં



પ્રગતિનો પ્રવેશોત્સવ ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે આંગણવાડીથી ધોરણ 6 સુધીના નવા પ્રવેશ મેળવનાર બાળકોને દાતાઓ તરફથી શૈક્ષણિક કીટ અને દફ્તર ભેટ આપી આવકારવામાં આવ્યા હતા. ગત વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની ધોરણ 8ની દીકરીઓએ કરીને નેતૃત્વના દર્શન કરાવ્યા હતા. શાળા પરિવારના સુવ્યવસ્થિત આયોજનને કારણે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ અત્યંત હર્ષોલ્લાસ અને ઉમંગ સાથે થયો હતો.

### વસો બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**વસો** | વસો સેવા કેન્દ્ર ખાતે મુખ્ય સંચાલિકા તરુદીદીના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઇ હતી. આ પ્રસંગે સૌએ યોગાભ્યાસ કરી સ્વસ્થ - તંદુરસ્ત જીવન જીવવાના સંકલ્પ સાથે યોગના જીવનમાં મહત્વ વિશે વિશેષ માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ યોગને જીવનનો અભિન્ન ભાગ બનાવવા માટે પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કરી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના સફળ આયોજન બાદ તમામ મહેમાનો અને ભાઈ-બહેનો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### બેંક ઓફ ઈન્ડિયા વડોદરા ઝોન દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઇ

**આણંદ** | બેંક ઓફ ઈન્ડિયાના ઝોનલ મેનેજર વિવેક તિવારીના



નેતૃત્વમાં મોટી સંખ્યામાં બેંક કર્મચારીઓએ એકત્ર થઈને ઉત્સાહપૂર્વક યોગાભ્યાસ કર્યો હતો. યોગ પ્રશિક્ષક ઇતિશ્રી ઠક્કરે સ્ટાફને તાડાસન, વજ્રાસન અને કપાલભાતી જેવા વિવિધ યોગાસનો અને પ્રાણાયામનું પ્રશિક્ષણ આપ્યું હતું. આ કાર્યક્રમમાં ડેપ્યુટી ઝોનલ મેનેજર નદીમ રિયાઝ અંસારીની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા યોગ દિવસની વિધિવત ઉજવણી કરાઈ હતી. ઝોનલ મેનેજરે સૌને શુભેચ્છાઓ પાઠવી સ્વસ્થ જીવનશૈલી માટે નિયમિત યોગ કરવાની ખાસ અપીલ કરી હતી.

### ડાકોરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અને વિદ્યાર્થી સન્માન સમારોહની ભવ્ય ઉજવણી

**ડાકોર** | બ્રહ્માકુમારીઝ ડાકોર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, ફાધર્સ ડે અને વિશ્વ સંગીત દિવસના ઉપલક્ષમાં ત્રિવેણી સંગમ સમાન




ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે ધોરણ-10, 12 બોર્ડ અને કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ તથા સર્ટિફિકેટ આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંગીતકારોનું સન્માન, બાળાઓ દ્વારા નૃત્ય અને યોગ કોચ દ્વારા વિવિધ યોગ-પ્રાણાયામના આસનોની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બ્રહ્માકુમારી નીતાબેને ઉપસ્થિત સૌને મેડિટેશનનું મહત્વ સમજાવી યોગી જીવનશૈલી અપનાવવા અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે પ્રેરણા આપી હતી.

### આણંદમાં ચાર ગામ વિશા ખડાયતા મિત્ર મંડળ દ્વારા પ્રથમ વખત યોગદિનની શાનદાર ઉજવણી

**આણંદ** | ચાર ગામ વિશા ખડાયતા મિત્ર મંડળ આણંદ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પ્રમુખ જીગેશભાઈ શાહ અને ટ્રેનર



ભાવિકભાઈ ગૌસ્વામી સહિત અગ્રણીઓએ દીપ પ્રાગટ્ય કરી મંગલ પ્રારંભ કરાવ્યો હતો. યોગા ટ્રેનર દ્વારા સરકારની ગાઈડલાઈન મુજબ વિવિધ આસનો કરાવી તેના જીવનમાં મહત્વ અને સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ વિશે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમના આયોજન માટે સ્વ. કિરીટકુમાર શંકરલાલ શાહ પરિવાર તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. સંસ્થાના કાર્યકારી સભ્યો અને મહિલા પાંખના સક્રિય સહકારથી આ પ્રથમ યોગદિન ઉત્સાહપૂર્વક સંપન્ન થયો હતો.

### હઠીપુરા પ્રાથમિક શાળામાં યોગ દિવસ નિમિત્તે 'યોગ ભગાવે રોગ'ના મંત્ર સાથે વિદ્યાર્થીઓ જોડાયા



**નડિયાદ** | યોગ દિવસ નિમિત્તે હઠીપુરા પ્રાથમિક શાળાના પરિવાર અને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ આસનો અને પ્રાણાયામ સાથે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. યોગ અને ધ્યાન એ આપણી સંસ્કૃતિનો હિસ્સો હોવાથી, શાળામાં બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના વિકાસ માટે દરરોજ નિયમિત યોગાભ્યાસ કરાવવામાં આવે છે. 'યોગ ભગાવે રોગ'ની ઉક્તિને સાર્થક કરતા આ પ્રસંગે યોગને જીવનશૈલીનો અભિન્ન અંગ બનાવવાનો સંદેશ શાળા પરિવાર દ્વારા આપવામાં આવ્યો હતો.

### આણંદ જિલ્લા પોલીસ અને રોટરી ક્લબ દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

**આણંદ** | આણંદ પોલીસ અને રોટરી ક્લબ ઓફ આણંદ રાઉન્ડ ટાઉન દ્વારા માનવતાના સંદેશ સાથે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાયો



હતો. આ કેમ્પમાં ઉચ્ચ અધિકારીઓ સહિત તમામ સંવર્ગના પોલીસ કર્મચારીઓએ કાયદો-વ્યવસ્થાની સાથે સામાજિક જવાબદારી નિભાવી ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. હોમગાર્ડ, GRD અને TRB ના જવાનોએ પણ મોટી સંખ્યામાં જોડાઈને નોંધપાત્ર બ્લડ યુનિટ એકત્ર કરી જરૂરિયાતમંદો માટે સેવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ અંગે રોટરી ક્લબ દ્વારા તમામ સેવાભાવી જવાનોનું સન્માન કરાયું હતું, જે કાર્ય સમાજના અન્ય લોકો માટે પણ રક્તદાન કરવા પ્રેરણારૂપ બનશે.

### આણંદમાં વરિષ્ઠ નાગરિકો માટે 'જિંદગી હજી બાકી છે દોસ્ત' ફિલ્મનો વિશેષ શો યોજાયો

**આણંદ** | આણંદ જિલ્લા સિનિયર સિટીઝન ફેડરેશન અને રઘુવીર ફાઉન્ડેશન દ્વારા શાન મોલ મલ્ટીપ્લેક્સમાં વરિષ્ઠ નાગરિકો માટે



આ પ્રેરણાદાયી ફિલ્મનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મહેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને શહેરના વિવિધ સંગઠનોના સભ્યોએ ફિલ્મ નિહાળી સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. રઘુવીર ફાઉન્ડેશનના પ્રમુખ હસમુખભાઇ કારીયાએ કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. નરેન્દ્રભાઈ શાહ, કિરીટભાઇ સોની અને તેમની ટીમે જહેમત ઉઠાવી આ આયોજનને સફળ બનાવ્યું હતું.

### ઓડની પ્રમુખ સ્વામી અંગ્રેજી માધ્યમ શાળામાં પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

**આણંદ** | આણંદના ઓડમાં શ્રી પ્રમુખ સ્વામી અંગ્રેજી માધ્યમ શાળા દ્વારા વિદ્યાર્થીઓને પ્રકૃતિના રક્ષણ વિશે શિક્ષિત કરવા પર્યાવરણીય



જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય અને સમિતિના સભ્યોની હાજરીમાં ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક શાળા કેમ્પસમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ હવાને સ્વચ્છ રાખવા માટે વૃક્ષોનું મહત્વ સમજ્યું અને પાણી બચાવવા તથા પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાના શપથ લીધા હતા. આ સફળ આયોજન દ્વારા યુવા પેઢીને પર્યાવરણના રક્ષક બનવા પ્રોત્સાહિત કરી ઉજ્જવળ અને હરિયાળા ભવિષ્યનો સંદેશ આપવામાં આવ્યો હતો.